## હા... સાહેબ !

"માહોલ જામવા માંડ્યો હોં..!"

"માતાજીના ગરબાનો માહોલ તો ત્રણેય લોકમાં જામ્યો..!"

"...ના... સાહેબ... ના... હું તો ચૂંટણીના માહોલની વાત કરૂ છું..! લાગી ગઈ મુરતીયાઓની લાઈન..!"

"હં...અ... પેલા નિરિક્ષકોની રજુઆતોની વાત કરો છો ને..! વિસ્તારના કાર્યકરો રજુઆત કરે..! અને ઉમેદવારો પસંદ થાય..! આ બધા તો નાટક હોય છે નાટક..!!"

"અરે સાહેબ... પ્રક્રિયા તો કરવી જ પડે ને..?! વિસ્તારમાં વિસ્તારના કાર્યકરો શું માને છે?, કેવું માને છે?, કોના માટે વિચારે છે?, આ સાંભળવાના કાર્યક્રમને તમે નાટક ગણો છો ?! આ તો પાયાની પ્રક્રિયા છે..!"

"જવા દો..! તમને નહિ સમજાય..! આ તો કાર્યકરોનો એક વખત ઉભરો ઠલવાઈ જાય પછી જે ઉમેદવાર મુકો તે..! તેનો જયજયકાર જ થવાનો છે..!"

"હં...અ... મારી વાત જ આ છે..! કે રજુઆતો તો માત્ર ને માત્ર દેખાડા પુરતી જ હોય છે... ઉમેદવાર તો રાજકીય સમીકરણ મુજબ જ પસંદ થતા હોય છે..."

"સમીકરણ એટલે..?! જ્ઞાતિ સમાજનું સમીકરણ... પૈસા પ્રતિષ્ઠાનું સમીકરણ... મસલ્સ પાવરનું સમીકરણ... આવા જ હોય છે ને સમીકરણો..?! પસંદગી માટે..?!"

"હા... એવા જ એવા જ... અને બધે એવા જ હોય છે..! અમારામાં ય એવા ને તમારામાં ય એવા..!"

"આ જ મોંકાણ છે ને..?! વાતો મુલ્યોની કરવાની અને સમીકરણો મતના મુકવાના..! વાતો સ્વચ્છ ઉમેદવારની કરવાની અને શોધવાના બાહુબલિઓ... વાતો રાષ્ટ્રીય એકતાની કરવાની અને પસંદગી જ્ઞાતિ સમાજોમાંથી કરવાની..!! સમજાતું નથી આ રાજકારણીઓના ભેજાનું..!!"

"સાહેબ... ના સમજાય એટલું સારૂ... બધું સમજવું ય જરૂરી નથી... જીવનનો અમુક હિસ્સો ભ્રમમાં જીવી નાંખો..!!"

"અરે... યાર... હું આપણા જીવનનું નથી વિચારતો... આખા દેશનો વિચાર કરીએ... લોકશાહીનો વિચાર કરીએ તો પ્રશ્ન થાય છે કે આપણે ક્યાં જઈએ છીએ..?! અને શેના માટે જઈએ છીએ..?! અંતે મેળવવું છે શું..?"

"ઓ...હો...ઓ... તમે તો ચર્ચામાંથી ચિંતામાં જતા રહ્યા..! અહીંયા તો સાહેબ એક જ તાલ ચાલે છે... અમે સારા - તમે સારા - આપણે સારા - વાહ ભઈ વાહ..!!"

"ખરે જ હોં... તમે વાત જ ઉડાડી દો છો... આટલું હળવાશથી ના લો..! આ મજાકની વાત નથી ચિંતનની વાત છે. ચૂંટણીઓ પહેલા પણ થતી હતી..! પ્રચાર પહેલાં પણ થતો હતો... ઉમેદવારોની પસંદગી પહેલાં પણ થતી હતી... અને આજે આપણે ક્યાં ઉભા છીએ..?! ધોરણો કેટલા નીચે ઉતર્યા છે..! કદી ચિંતા કરીએ છીએ..?!"

"હા... સાહેબ... હા... એટલે જ કહું છું કે આ ચિંતા કરવાનો

● અનુસંધાન પાન-૭ પર



સોનલ ગરબો શીરે... - આદ્યશક્તિ આરાધનાના મંગલાચરણે શહેરની જાણીતી મહિલા સંસ્થા જ્યોતિ મહિલા મંડળ દ્વારા આરતી અને ગરબાનો ઉત્સવ ઉજવાયો હતો... શહેરની વિવિધ વય જુથની ૧૨૦૦થી વધુ યુવતીઓ, મહિલાઓએ ગરબા સ્પર્ધામાં ભાગ લઈ સમગ્ર માહોલ ભાવસભર બનાવ્યો હતો... કાર્યક્રમના પ્રારંભે ૧૦૦૧ દિવડાની આરતીની પ્રસ્તુતિએ દિવ્ય માહોલનું નિર્માણ કર્યું હતું...

### શહેરમાં નવરાતનો મંગલમય પ્રારંભ

# સેકટરોમાં ઢોલના ધબકાર વચ્ચે ગરબાના સુર રેલાયા

### સેકટરોમાં પારિવારીક માહોલમાં ગરબા મહોત્સવની ઉજવણીનો પ્રારંભ

ગાંધીનગર તા ૨૧

નવલા નવરાતના મંગલ પ્રારંભ સાથે જ સેકટરોમાં શકિતની ભકિતનો અનોખો માહોલ છવાયો હતો. સવારથી જ માતાજીના સ્થાપન માટે શુભ મુહુર્ત હોવાથી બજારમાં પુજા સામગ્રીની ખરીદી માટે ભાવિકોની ભીડ જામી હતી. જયારે સાંજ ઢળતા જ સેકટરોમાં નવરંગી ઉજાસ વચ્ચે ગરબાની રમઝટ જામી હતી. સેકટરોની શેરીઓમાં આયોજિત ગરબા મહોત્સવમાં અનોખા પારિવારીક દ્રશ્યો જોવા મળ્યા હતા.

નવલી નવરાતનો મંગલ પ્રારંભ થઈ ગયો છે. શહેરના સેકટરોની શેરીઓમાં શકિતની ભકિતનો અનોખો માહોલ જોવા મળી રહયો છે. નવદુર્ગાની પુજા અર્ચના વચ્ચે સેકટરોમાં રોશનીના જગમગાટથી પથરાતા અજવાળામાં આદ્યાશકિતની આરાધના પર્વના પ્રારંભથી આધ્યાત્મક ચેતના જાગૃત થયેલી જોવા મળે છે. નવરાત પર્વના પ્રારંભથી જ શહેરમાં ગરબાની રમઝટ જામી હતી. સેકટરોમાં શેરી ગરબામાં પ્રથમ નોરતે માતાજીની આરતી પુજા વિધિ બાદ ગરબાનો પ્રારંભ થયો હતો. સેકટરે સેકટરે નવદુર્ગાન સાથે ભાવિકો મોટી સંખ્યામાં આરતીમાં જોડાયા હતા. છેલ્લા એક મહીનાથી સેકટરોમાં શેરી ગરબાના આયોજનની તૈયારીઓ ચાલી રહી હતી. જયારે નવરાત પર્વના પ્રારંભે આજે સવારથી જ ભાવિકોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારે માતાજીની સ્થાપના માટે શુભ મુહુર્ત હોવાથી મોટાભાગના માંઈભકતોએ આ મુહર્તમાં માતાજીની સ્થાપના કરી હતી. જયારે સવારના સમયે સે-૨૧, સે-૭ સહીતના શોપિંગ બજારમાં માતાજીની ચુંદડી, પુજાપો અને ફુલહાર ખરીદવા માટે પણ ભાવિકોની ભીડ જામી હતી. બજારમાં નવરાતના પ્રથમ દિવસથી જ પ્રસાદીયા પેંડા તેમજ ફ્રુટ સહીતના ભોગની વિશેષ ખરીદી થઈ હતી. બપોરના સમયે નગરની સૌથી જુની મહીલા સંસ્થા જયોતિ મહીલા મંડળ દ્વારા બેઠા અને ફરતા ગરબા સ્પર્ધાનુ નવતર આયોજન કરવામાં આવ્યુ હતુ. નવરાતના પ્રથમ દિવસે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ગૌચર-ગામતળમાં વધતા જતા દબાણો તંત્ર માટે પડકારરૂપ

### કલોલ-ગાંધીનગરમાં જ વધુ દબાણકારો : ગૌચરની ૫૦ હેક્ટરમાં વધુ જમીન પર દબાણ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ વિસ્તારમાં ગૌચર અને ગામતળની જમીનો પરના દબાણો તંત્ર માટે માથાના દુઃખાવા સમાન બનીને ઉભરી રહ્યા છે.

જિલ્લામાં ગૌચરની જમીન પર ૮૦ થી વધુ ગામોમાં ૨૭૫થી વધુ દબાણકારો દ્વારા દબાણો કરવામાં આવ્યાનું બહાર આવ્યું છે. જિલ્લાની ૫૦ હેક્ટરથી પણ વધુ ગૌચરની જમીન પર આ દબાણો જણાયા હોવાનું પણ બહાર આવ્યું છે. જિલ્લામાં ગૌચરની જેમ ગામતળની જમીનો પર પણ ૮૫૦થી વધુ દબાણકારો દ્વારા દબાણો હોવાની વિગતો તંત્રને તેની તપાસ દરમ્યાન જણાયુ છે. જિલ્લાના ૯૦ થી વધુ ગામોમાં ગામતળની જગ્યા પર દબાણો જણાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજયના તલાટીઓની ૨૪મીએ મહાત્મા મંદિરમાં કાર્યશિબિર

ગાંધીનગર, તા. ૨૧

રાજય સરકાર દ્વારા આગામી ૨૪મી સપ્ટેમ્બરના રોજ રાજયભરના તલાટીઓની પ્રથમવાર કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે.

મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ એક દિવસીય કાર્યશિબિરમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પંચાયત મંત્રી જયંતિભાઈ કવાડિયા તેમજ પંચાયત વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજરી આપશે.

તલાટી કમ મંત્રીની ખાલી જગ્યાઓ પર નવી નિમણુંકો થી હોવાથી રાજય સરકારે પ્રજાલક્ષી અભિગમ કેળવવા પર ભાર મુકવા સહિત વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં તલાટીના યોગદાન અને સક્રિયતા અંગે આ કાર્યશિબિરમાં વાતો કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં શેરી ગરબાના પ્રારંભે લાઈટો ડુલ રહેતી હોવાની વ્યાપક ફરિયાદો

### અનેકવાર ફરિયાદ કરવા છતા લાઇટો ચાલુ થતી નથી : રહીશોમાં આક્રોશ

ગાંધીનગર તા ૨૧

શહેરમાં નવરાત પર્વના પ્રારંભે સેકટરોની શેરીઓમાં કેટલાક ઠેકાણે હજુ અંધારુ છવાયેલુ જોવા મળે છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સ્થાનિક રહીશોને તહેવારના દિવસોમાં પણ ભયજનક સ્થિતિમાં હાલાકી વેઠવી પડે છે. નવલી નવરાતના પ્રારંભે સેકટરોમાંથી અંધારુ ઉલેચવા માટે શેરી ગરબાના આયોજકો રંગબેરંગી રોશની ઉપરાંત મોટી લાઈટ મુકી ગરબા મેદાનમાં ઉજાસ પાથરે છે. પરંતુ સેકટરોના માર્ગો પર હજુ પણ ઘણીખરી સ્ટ્રીટ લાઈટો ડુલ છે. જેના લીધે ગરબા પ્રેમીઓમાં નારાજગી વ્યાપી છે. એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બન્યા બાદ સરકારી તંત્રએ પણ સઘળી જવાબદારી એજન્સીને સોંપી આમ નાગરિકોને માળખાગત સુવિધા પુરી પાડવાના મામલે હાથ ઉંચા કરી દીધા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. અજવાળુ પાથરતા આ પર્વમાં તંત્રની ઉદાસીનતાના પગલે સ્થાનિક રહીશો ડગલે ને પગલે હાલાકી વેઠી રહયા છે. ગ માર્ગ પરથી સે-૩ ના એપ્રોચ તરફ જવાના માર્ગ પર છેલ્લા બે મહીનાથી બંધ સ્ટ્રીટ લાઈટો હજુ ચાલુ થઈ નથી.

● અનુસંધાન પાન-૭ પર

# આજે મનપાની મહત્વની સ્થાયી સમિતિની બેઠક મળશે

### ફતેપુરા-ગોકુળપુરામાં આર.સી.સી. રોડ બનાવવા માટે નિર્ણય કરાશે : અન્ય ટેન્ડરો પર પણ વિચારણા થશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે એક મહત્વની બેઠક મળશે. મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના ખંડમાં સવારે ૧૧.૩૦ વાગે મળનારી આ બેઠકમાં ૬ થી વધુ મુદ્દાઓ વિચારણામાં લેવામાં આવશે તેમ જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે શહેરના સીમાડે આવેલ ગોકુલપુરા તેમજ ફતેપુરા ગામ ખાતે આરસીસી રોડ બનાવવા માટેના ટેન્ડર અંગે નિર્ણય લેવામાં આવશે આ ટેન્ડર ૨૨ ટકા કરતાં પણ નીચુ આવ્યુ છે. આ ઉપરાંત સે. ૬ ખાતે સીટી બસસ્ટેન્ડ માટે સીસીરોડ તેમજ તેને સંલગ્ન કામગીરી સહિતની આંતર માળખાકીય સુવિધાઓ પુરી પાડવાની કામગીરી માટેના ટેન્ડર પર પણ આ બેઠકમાં નિર્ણય લેવામાં આવશે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો લોકોપયોગી કામો કાઉન્સીલરો માટેના જે નિયત કરવામાં આવ્યાછે તેમાં કેટલાક નવા વધારા-સુધારા માટેની પણ દરખાસ્ત કમિશનરશ્રી દ્વારા તૈયાર કરીને મુકવામાં આવી છે તે પણ વિચારણામાં લેવાશે. આ ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ ટોઈલેટ બ્લોકની મરામત-જાળવણી મેન પાવર સાથેના ટેન્ડર પર પણ વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે.

# સે. ૨૧માં મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાંથી આજે એક કેસ સ્વાઈન ફલુ પોઝીટીવનો મળી આવેલ છે. આ સાથે શહેરના દર્દીઓની સંખ્યા ૫૨ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૨૧ના છ-ટાઈપમાંથી એક મહિલા દર્દીને પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

પાંચ દિવસ બાદ શહેરમાંથી સ્વાઈન ફલુ પોઝીટીવનો દર્દી મળી આવતાં તંત્ર ચોકંતુ બની ગયેલ છે. તંત્રએ મળી આવેલ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. પણ કોઈ શંકાસ્પદ દર્દી મળી આવ્યુ નહિ હોવાનું જાણવા મળેલ છે.


ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
મધુર ડેરી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

"મધુર સંકલ્પ - ગુણવત્તાયુક્ત ગાંધીનગર"
નવરાત્રી પર્વ નિમિત્તે
મધુર પ્રસાદીયા પેંડા

: મધુર પ્રોડક્ટો :
મોહનથાળ, મગસ, ટોપરાપાક, રજવાડી હલવો, કાજુકતરી, ઈલાયચી પેંડા, કેસર પેંડા, રજવાડી પેંડા, ચોકલેટ બરફી, કાજુ બરફી, શીખંડના પ્રાપ્તિ સ્થાનો.

કામધેનુ પાર્લર :
(૧) મેઈન ગેટ, સે.૨૫
(૨) મધુર પાર્લર, ઘ-૫, સે.૨૩ કોર્નર
(૩) મધુર પાર્લર, સે.૨૮, ગાર્ડનની સામે
(૪) મધુર પાર્લર, સે.૧૬, પાટનગર યોજના ભવન
(૫) મધુર પાર્લર, સે.૨૧/૨, વિશ્વકર્મા બિલ્ડીંગ
(૬) મધુર પાર્લર, સે.૨૧/૧, રીલાયન્સ મોલની સામે
(૭) મધુર પાર્લર, સે.૭, શોપીંગ સેન્ટર
(૮) મધુર પાર્લર, સે.૩ ન્યુ, જલારામ કોમ્પલેક્ષ

ગ્રામ્ય વિસ્તાર :
(૧) વાવોલ
(૨) કોલવડા (પટેલ ભાગોળ)
(૩) કોલવડા (દરબાર ભાગોળ)
(૪) આદરજ મોટી (૫) રૂપાલ
(૬) ટીંટોડા (૭) ઉનાવા
(૮) વાસન મહાદેવ
(૯) પાલજ (૧૦) છાલા
(૧૧) ચિલોડા (૧૨) ગિયોડ

રોહિત મહેતા
મેનેજીંગ ડિરેક્ટરશ્રી

ડો. શંકરસિંહ રાણા
ચેરમેનશ્રી



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com